## ચૂંટણી ચોતરેથી

● ભાજપના સ્ટાર પ્રચારકો સર્વ શ્રી સ્મૃતિ ઈરાની, નિર્મલા સીતારામન, જે.પી. નંદા, પ્રકાશ જાવડેકર મહાસંપર્ક અભિયાનમાં જોડાયા હતા.

● રાહુલ ગાંધીની નવસર્જન યાત્રા અચાનક જ ગાંધીનગરના અક્ષરધામ પહોંચતા ભારે ચર્ચા જાગી હતી.

● પ્રાંતિજ-હિંમતનગર અને ખેડબ્રહ્મામાં રાહુલે બાળકો સાથે સેલ્ફી લીધી હતી.

● રાજકોટમાં આપના ૫૦થી વધુ કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા હતા.

● નવસારીમાં કેન્દ્રિય મંત્રી સ્મૃતિ ઈરાનીએ માલધારીના ઘરમાં ચા પીધી હતી.

● અમદાવાદના વટવા વિસ્તારમાં જનસંપર્ક કરી રહેલ સાંસદ પરેશ રાવલને કાદવ કિચડમાંથી પસાર થવું પડયું હતું.

● સુરતમાં પાસના કાર્યકર અશ્વિન પટેલને ભાજપના કાર્યકરોએ માર મારતા વરાછા પોલિસ સ્ટેશનમાં પાટીદારોએ ઘેરો ઘાલ્યો હતો.

● બનાસકાંઠાની વાવ બેઠક પર શંકરભાઈ ચૌધરી સામે ગેનીબેન ઠાકોર ચૂંટણી લડશે એવી જાહેરાત અલ્પેશ ઠાકોરે કરી હતી.

# રાહુલની સક્રિયતાથી અમને નુકસાન નહીં થાય : વિજય રૂપાણી




ગુજરાત વિધાનસભાની ચૂંટણીનાં પ્રતિષ્ઠાભર્યા જંગમાં કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની સક્રીયતા અને ત્રણ આંદોલનકારી યુવા નેતાઓએ શાસક ભાજપ માટે મોટો પડકાર ઉભો કર્યો છે ત્યારે ગુજરાતનાં મુખ્યપ્રધાન વિજય રૂપાણી સાથેના ચૂંટણી-સંવાદમાં બદલાયેલા રાજકીય અને સામાજિક સમીકરણોની ખુલ્લા મને ચર્ચા કરી ગુજરાતની જનતા ફરી એકવાર ભાજપને શાસન સોંપશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

ગાંધીનગર સીએમ બંગલામાં કેટલાક અધિકારીઓ અને કેટલાક રાજકીય આગેવાનો ટીવી પર રાહુલ ગાંધી દક્ષિણ ગુજરાતમાં સભાઓ સંબોધી રહ્યા હતા તેનાં ન્યૂઝ બ્રેક થતા જોઈને સવાલો કરતા હતા શું થશે આ વખતની ચૂંટણીમાં ? રાહુલ ગાંધી સક્રિય થયા છે તેની કોઈ અસર પડશે ? માત્ર ગાંધીનગર જ નહી ગુજરાતનાં ખૂણે ખૂણે પૂછાઈ રહેલા આ સવાલો જયારે અમે જેમના નેતૃત્વમાં પહેલીવાર વિધાનસભાની ચૂંટણી યોજાઈ રહી છે તે મુખ્યપ્રધાન વિજય રૂપાણીને રૂબરૂ સંવાદમાં કર્યા તો તેમણે વિશ્વાસ સાથે એવું કહ્યું હતું કે તમે લખી રાખો ગુજરાતની જનતા આખી દુનિયા ફરે છે એ સમજદાર છે એ કોઈનાથી ભરમાશે નહીં. ફરી એક વાર ભાજપને સંપૂર્ણ બહૂમત આપશે તેમાં કોઈ શંકા નથી અને રહી વાત રાહુલની તો રાહુલ ગમે તેટલી વાર ગુજરાતમાં આવે તેનાથી ભાજપને કોઈ ફેર પડતો નથી હું તો કહું છું કે રાહુલનાં છબરડા જ અમને જીતાડશે.

મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ અભિયાન સાથેના ચૂંટણી-સંવાદમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી અને બદલાયેલા રાજકીય અને સામાજિક સમીકરણો વિશે વિસ્તૃત વાત કરી હતી. ગુજરાત વિધાનસભાની છેલ્લી ત્રણ ચૂંટણી તત્કાલીન મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં લડાયા બાદ આ પહેલી એવી ચૂંટણી છે કે મોદીની સીધી હાજરી નથી અને આપના નેતૃત્વ હેઠળ આ વિધાનસભાની ચૂંટણી લડાઈ રહી છે ત્યારે કેટલો વિશ્વાસ છે ? આ સવાલના જવાબમાં વિજય રૂપાણી કહે છે મારા સીએમ પદ હેઠળની આ પહેલી ચૂંટણી જરૂર છે પણ નેતૃત્વની વાત કરીએ તો એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું છે તેમના નેતૃત્વમાં જ આ ચૂંટણીનો જંગ ખેલાવાનો છે. વિધાનસભા અને લોકસભાની ચૂંટણીઓ રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્યમાં લડાતી હોય છે. મોદી અગાઉ ગુજરાતનાં મુખ્યપ્રધાન હતા અને હવે વડાપ્રધાન છે તો સ્વાભાવિક છે કે તેનો લાભ મળશે એટલે જ અમને પૂરો વિશ્વાસ છે કે આ વખતની ચૂંટણીમાં ભાજપની ઐતિહાસિક જીત હશે અમે અમારા ૧૫૦ બેઠકનાં લક્ષ્યાંકને આસાનીથી




પહોંચી શકીશુ. આવો ભરપૂર વિશ્વાસ છે તો મોદીએ તેમની ગુજરાતની મુલાકાતો કેમ વધારી દીધી ? દોઢેક મહિનામાં પાંચેક વખત મોદીએ ગુજરાતનો પ્રવાસ કર્યો છે. વિપક્ષે પણ સવાલો ઉઠાવ્યા છે. રૂપાણી હસતાં હસતાં કહે છે અરે મોદીએ હજુ તો ચૂંટણીલક્ષી પ્રવાસો શરૂ જ નથી કર્યા જે કાર્યક્રમો થયા એ તો વિકાસનાં કામોનાં લોકાર્પણના હતા. નર્મદાનાં દરવાજાનું કામ હોય કે રાજકોટનાં એરપોર્ટનું ખાતમુહૂર્ત હોય કે રો-રો ફેરીના પ્રોજેકટનું લોકાર્પણ હોય આ પ્રકારના કામો જે મોદીનાં ડ્રીમ પ્રોજેકટ હતા તે પૂરા થયા તેના લોકાર્પણ માટે તેઓ આવ્યા હતા. મોદીના ચૂંટણી પ્રવાસો તો હવે શરૂ થશે. મોદીની ફટકાબાજી તો હવે શરૂ થશે ત્યારે કોંગ્રેસને ખબર નહી પડે કે બોલ કયાં પડ્યો.!

# રાહુલ ગાંધી મા અંબેના શરણે : દાદી ઈન્દિરા ગાંધી પણ અંબાજી દર્શને આવ્યા'તા

કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી આજે ગુજરાત મા અંબેના શરણે છે. રાહુલ ગાંધીનો આ ચોથા તબક્કાનો ગુજરાત પ્રવાસ છે. ઉત્તર ગુજરાતમાં પાટીદાર અનામતમાં સક્રિય રહી હતી અને એ સિવાય પણ ભાજપા અને કોંગ્રેસ બંને માટે ઉત્તર ગુજરાત અતી મહત્વનું છે. ત્રણ દિવસ એટલે કે ૧૧, ૧૨ અને ૧૩ એમ ત્રણ દિવસ ગુજરાતમાં વિવિધ ધાર્મિક સ્થાનોએ નતમસ્તક થશે. રાહુલ ગાંધી બહુચરાજી, શંખેશ્વર, અંબાજી, શામળાજી મંદિરના દર્શનાર્થે જશે. રાહુલ ગાંધી ૧૧મીએ અમદાવાદ એરપોર્ટથી દહેગામ, પ્રાંતિજ થઈને હિંમતનગર પહોંચશે.

પ્રથમ દિવસે મોડી સાંજે તેઓ શામળાજીમાં મંદિરના દર્શન કરવા જશે. ત્યાથી તેઓ રાત્રે જ અંબાજી પહોંચી અંબામાના મંદિરે દર્શન કરશે. બીજા દિવસે અંબાજીથી રાહુલ ગાંધીનો કાફલો પાલનપુર થઈ ડિસા, ભિલડી શિહોરી, રાધનપુર પહોંચશે. થરામાં રાહુલ વાળીનાથ મંદિરના દર્શન કરશે. ત્રણ દિવસના પ્રવાસના આખરી દિવસે રાહુલ ગાંધી પાટણ, હારિજ જશે. શંખેશ્વર મંદિરના દર્શન પણ કરવા રાહુલ ગાંધી જનાર છે. બહુચરાજીમાં મંદિરના દર્શન કર્યા બાદ તેઓ જાહેરસભાને સંબોધશે. સાંજે મહેસાણામાં જીઆઈડીસી હોલમાં રાહુલ જીએસટી સહિતના મુદ્દે વેપારી-ઉદ્યોગકારો સાથે બેઠક યોજશે.

ઉત્તર ગુજરાતમાં મોટાભાગી બેઠકો પર કોંગ્રેસનો દબદબો રહ્યો છે તેમાં ય બનાસકાંઠામાં પૂર વખતે ભાજપે આ વિસ્તારમાં કોંગ્રેસવિરોધી માહોલ ઉભો કરવાનો પ્રયાસ કર્યો હતો જેના પગલે આ વિસ્તારમાં કોંગ્રેસના માહોલને ફરી જીવંત બનાવવા રાહુલ ગાંધીના કાર્યક્રમનું આયોજન કરાયું છે.

### આંતરરાષ્ટ્રીય વેબચેનલ સાથેની મુલાકાતમાં બાપુની જાહેરાત

# પાટીદાર સહીત સવર્ણ સમાજને ૨૫ ટકા અનામત આપશે

ગાંધીનગર, તા.૧૧

ગુજરાતમાં જનવિકલ્પ પાર્ટીની સરકાર રચાયા બાદ ઓ.બી.સી., એસ. સી., એસ. ટી.ની અનામતને યથાવત રાખીને અન્ય સવર્ણ સમાજને ૨૫ ટકા અનામત આપવાની જાહેરાત પાર્ટીના પ્રણેતા શંકરસિંહ વાઘેલાએ કરી છે.

એક આંતરરાષ્ટ્રીય કક્ષાની સમાચાર વેબસાઈટ અને નેટ ચેનલને આપેલી વિસ્તૃત મુલાકાતમાં રાજપાના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ સ્પષ્ટ શબ્દોમાં જાહેર કર્યું હતું કે ભાજપ અને કોંગ્રેસ પાટીદારોને કે બીજા-ત્રીજાને અનામતના મામલે છેતરી રહ્યા છે. ઓ.બી.સી.નાં ક્વોટામાંથી કોઈને પણ અનામત આપી શકાય તેમ છે જ નહિ. એસ.ટી. કે એસ.સી.ની અનામતને અડી શકાય તેમ નથી તેથી મારી સરકાર તમિલનાડુ પેટર્ન પ્રમાણે ગુજરાતના બ્રાહ્મણો, વાણીયા, પાટીદારો, રાજપૂત અને જેમને કોઈપણ અનામતનો લાભ મળતો નથી તે તમામ સવર્ણ સમાજને ૫૦ ટકાથી અલગ જઈને ૨૫ ટકા અનામતનો પ્રસ્તાવ વિધાનસભામાં પસાર કરીને કેન્દ્ર સરકારને મોકલશે.



કેન્દ્ર સરકાર તેને પાર્લામેન્ટમાં મુકીને બંધારણમાં સુધારા માટે જરૂરી કેટલાક રાજ્યોની સહમતી મેળવ્યા પછી જ બંધારણમાં સુધારો કરીને અનામત મળી શકે. ભાજપ અને કોંગ્રેસ પાટીદાર સમાજની લાગણીઓ સાથે રમત રમી રહી છે જે ના હોવું જોઈએ. અનામતને મતની સાથે જોડવું ના જોઈએ. પણ ગુજરાતમાં જે સવર્ણ સમાજ વસે છે તેમાં બધા લાખોપતિ કે કરોડપતિ નથી. સવર્ણ સમાજમાં પણ ગરીબો છે. તેમના સંતાનોને પણ અનામત મળે તો તેઓ આગળ વધી શકે. અનામત એક સંવેદનશીલ બાબત છે. તેને યોગ્ય રીતે સમજવાની જરૂર છે. ભાજપ અને કોંગ્રેસ "અમે અનામત આપીશું." એમ કહીને પાટીદારો અને અન્ય સમાજને બેવકૂફ બનાવે છે. કોંગ્રેસના પ્રખર ધારાશાસ્ત્રી કપિલ સિબ્બલ કેમ લોચા મારે છે ? કેમ તેઓ ખુલીને બોલી શકતા નથી ? કેમ કે અનામત કાઈ રસ્તામાં પડી નથી. જનવિકલ્પ પાર્ટી પારદર્શકતામાં માને છે. અમારી વાત ખુલ્લી છે. અમે પ્રજાને-પાટીદારોને ભ્રમમાં રાખવા માગતા નથી. એસ.ટી.-એસ.સી. અને ઓ.બી.સી.માં વધારો કરવો હોય તો બંધારણમાં સુધારો કરવો અનિવાર્ય છે અને તેમાં સુપ્રીમ કોર્ટ ક્યાય આડે આવતી નથી કેમ કે બંધારણમાં સુધારો થશે તો સુપ્રીમકોર્ટ તેમાં બિટવીન ધી લાઈન વાંચશે. તેમાં અંતરાય રૂપ નહિ બને. અમારી સરકાર સવર્ણ સમાજને ૨૫ ટકા અનામતની સાથે ઓ.બી.સી.માં જે અતિ પછાત વર્ગો છે જેમ કે કોળી, ઠાકોર, બજાણીયા, મદારી વગેરે. તેમના માટે ઓ.બી.સી.ના ૨૭ ટકા માંથી અલગથી ૧૦ ટકા અનામત આપવામાં આવશે. આ અતિ પછાત વર્ગની જ્ઞાતિઓ ઓ.બી.સી. માં છે અને ઓ.બી.સી. ના કોટામાંથી જ તેમને અલગથી ૧૦ ટકા અનામત અપાશે જેથી આ અતિ પછાત વર્ગની જ્ઞાતિઓ અલગથી ૧૦ ટકાના અનામતનો લાભ મેળવીને સામાજિક અને આર્થિક રીતે આગળ આવીને સમાજની મુખ્ય ધારામાં ભળી શકશે. શંકરસિંહ વાઘેલાની આ અડધા કલાકની મુલાકાત વેબસાઈટ દ્વારા ફેસબુકમાં લાઈવ પણ કરાઈ હતી.

# કોંગ્રેસની સરકાર હતી ત્યારે કેટલો વિકાસ થયો હતો : નિર્મલા સિતારામન

ગાંધીનગર, તા.૧૧

કોંગ્રેસ ગુજરાતમાં એવા મુદ્દાઓ લઈને આવી છે જાણે સરકાર તેમની હોય. કોંગ્રેસની સરકાર હતી ત્યારે તો કોંગ્રેસે ગુજરાતમાં વિકાસ માટે કોઈ પણ કામ કર્યું નથી એમ કેન્દ્રના સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારામને જણાવ્યું હતું.



ભાજપ દ્વારા ગુજરાતમાં શરુ કરવામાં આવેલ ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનમાં જોડાવા આવેલા કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારામને કોંગ્રેસ પર જાતિવાદ ફેલાવાની અને જાતિવાદની માનસિકતા સાથે ચૂંટણી લડવાનો આક્ષેપ પણ કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે ભાજપ વિકાસના પંથે ચૂંટણી લડી રહ્યો છે જયારે કોંગ્રેસ આજે પણ જાતિવાદ પર ચૂંટણી લડી રહી છે.

કોંગ્રેસ પર પ્રહાર કરતા તેમણે નર્મદા અને ગુજરાતના કોંગ્રેસ સરકાર સમયે વિકાસલક્ષી કામ પર નિશાન સાધ્યું હતું. નર્મદા નદી પરના સરદાર સરોવર ડેમ પર વાત કરતા નિર્મલા સીતારામને કહ્યું હતું કે જયારે કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે કયારે પણ આ પ્રોજેકટ પર પોતાનો સહકાર આપ્યો નથી અને આજે ચૂંટણીમાં કોંગ્રેસ ગુજરાતના લોકોને ખોટા વિકાસના વાયદાઓ આપે છે.

સંરક્ષણ પ્રધાન નિર્મલા સિતારામને અમદાવાદના મણિનગર વિધાનસભા વિસ્તારની મુલાકાત લીધી હતી.

મણિનગર ખાતે વિધાનસભા વિસ્તારમાં જનસંપર્ક અભિયાનમાં જોડાયા છે. તેમણે ભાજપના મીડિયા સેન્ટર ખતે આદિવાસી અધિકારીઓને વાચા આપતું પુસ્તક આદિવાસી અબળા અધિકારી સબળા પુસ્તકનું લોકાર્પણ કર્યું હતું.

કોંગ્રેસની સરકાર હંમેશા નર્મદા મુદ્દે વિરોધ કરતું રહ્યું છે. પરંતુ નરેન્દ્ર મોદીની સરકાર બનતા જ નર્મદા યોજનાનું ૭૨ દિવસમાં કામકાજ પૂર્ણ કરાયું.

## ધાનેરા વિધાનસભાની સીટ પર કોંગ્રેસના ઉમેદવાર જોઈતાભાઈ પટેલથી ધાનેરા તાલુકામાં નારાજગી

ધાનેરા, તા. ૧૧

ધાનેરા તાલુકાની વિધાનસભાની ચૂંટણી માટે ધાનેરાના ધારાસભ્ય પદ તરીકે જોઈતાભાઈ પટેલની ફરી દાવેદારી જણાતાં ધાનેરા તાલુકાના લોકોમાં નારાજગી જોવા મળી છે. કોંગ્રેસમાં સતત પાંચ વર્ષથી ધારાસભ્યના પદ પર રહીને કોઈની પણ કામગીરી ન કરતાં જોઈતાભાઈ પટેલ પ્રત્યે લોકોમાં નારાજગી જોવા મળી રહી છે. કોંગ્રેસમાં નથાભાઈ પટેલ લોકોમાં ચાહતા બની રહ્યા છે કેમ કે ગયાં પાંચ વર્ષમાં જોઈતાભાઈ પટેલ અને નથાભાઈ પટેલ વચ્ચે સમજુતીથી કરાર થવાં છતાં મલાઈ ખાવાની આદતવાળા જોઈતાભાઈ પટેલની હોદ્દેથી મલાઈ છુટથી ન હોવાથી ફરી દાવેદારી નોંધાવી અલગ પ્રચાર કરી રહ્યા છે. પરંતુ જોઈતાભાઈ લોકોને જોઈતા નથી તેવું લોકો ખુલ્લેઆમ કહી રહ્યા છે. પરંતુ હજુ સમય આવે ત્યારે ખબર પડે કે કોંગ્રેસ માટે ખરેખર કોણ ?

## સામાન્ય વર્ચસ્વ ધરાવતા અપક્ષોના હવે, ભાવ બોલાવા માંડ્યા

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ત્રીજો મોરચો ક્યારે સફળ બન્યો નથી પણ અપક્ષ ઉમેદવારો અને ત્રીજો મોરચો ભાજપ કોંગ્રેસ માટે હારજીતનું કારણ બન્યા છે. આ વખતની ચૂંટણીમાં પણ જ્ઞાતિઓમાં થોડો ઘણો પ્રભાવ ધરાવતા અપક્ષ ઉમેદવારોને ઊભા રાખવાના ભાવ બોલાય રહ્યા છે. આ વખતની ચૂંટણીમાં જ્ઞાતિવાદ હાવી છે ત્યારે આવા અપક્ષ ઉમેદવારોની બોલબાલા રહેશે અને પાર્ટીઓ મોટી સંખ્યામાં આવા સમીકરણો સર્જી શકે અને પરિણામ પર અસર કરી શકે તેમને વીણી વીણીને ચૂંટણી મેદાનમાં ઉતારશે.

રાજકીય પક્ષો દ્વારા જે તે વિધાનસભામાં આવા ઉમેદવારો શોધવાની કવાયત પણ શરૂ કરી દેવામાં આવી છે. ચૂંટણી સમયે આવા અનેક કાવાદાવા, વ્યૂહ અને રણનીતિના કારણે ચૂંટણીનો માહોલ જીવંત પણ લાગતો હોય છે. એ જાણીને નવાઈ લાગશે કે ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીમાં ૧૨૮૮ ઉમેદવાર એવા હતા જેમને એટલા ઓછા મત મળ્યા હતા કે તેમની ડિપોઝિટ જપ્ત થઈ જવા પામી હતી. કુલ ૨૯૭૦ ઉમેદવારોએ ગત ચૂંટણીમાં ઉમેદવારીના ફોર્મ ભર્યા હતા. જેમાં ૨૭૭૯ પુરુષ અને ૧૯૧ મહિલા ઉમેદવાર હતા. તેમાંથી ૬૫૮ ઉમેદવારોના ફોર્મ અયોગ્ય માહિતી કે અન્ય ભૂલના કારણે ચૂંટણી પંચ દ્વારા પ્રથમ તબક્કે જ રિજેક્ટ કરવામાં આવ્યા હતા.

જ્યારે ડાંગમાં સૌથી ઓછા પાંચ ઉમેદવારની ડિપોઝિટ જપ્ત થવા પામી હતી. ડિપોઝિટ જપ્ત થઈ જનારો એક વર્ગ એવો હોય છે જે રાજકીય પક્ષના ઈશારે ઉમેદવારી નોંધાવે છે.

# ગુજરાતમાં પટેલ, SC, OBC અને ST જ્ઞાતિ જે પાર્ટીની સાથે રહેશે તેની સરકાર બનશે

### માધવસિંહની ખામ થિયરી પછી પટેલો કોંગ્રેસથી અળગા થઇ ગયા હતા

ગુજરાતમાં એક બાબત સ્પષ્ટ છે કે જેની સાથે પટેલ, દલિત, આદિવાસી અને ઓબીસી મતદારો વધુ પ્રમાણમાં હશે તે પાર્ટીની નવી સરકાર બનશે. હાલ આ જ્ઞાતિએ અડધી અડધી વહેંચાઈ ગયેલી

### આજે સ્થિતિ જૂદી છે, કોંગ્રેસ પાટીદારો, ઓબીસી અને હિન્દુત્વ તરફ છે

છે, જો કે કોંગ્રેસને મળતી ટકાવારીમાં અન્ય પાર્ટીઓ અને અપક્ષો પણ આવી જાય છે એટલે ભાજપ માટે હજી પણ ઉજળા ચાન્સિસ છે. કોંગ્રેસને મળનારા મતો અન્યત્ર વહેંચાઈ શકે છે.

કોંગ્રેસના ઉમેદવારોને હરાવવા માટે ભાજપના નેતાઓ સ્ટેટેજી બનાવીને વિવિધ પાર્ટીઓને ચૂંટણી ફંડ આપીને મેદાનમાં ઉભા રાખે છે તેવું કોંગ્રેસ કરી શકતી નથી પરિણામે ગુજરાતમાં તેની વિરૂદ્ધમાં ચૂકાદો આવે છે. અન્ય પાર્ટીઓને મળતા મતદાનની ટકાવારી ઓછી હોય છે પરંતુ ઉમેદવારો માટે નિર્ણાયક સાબિત થાય છે. ૨૦૧૨ની ચૂંટણીમાં બન્ને પાર્ટીના મળીને કુલ ૨૪ ઉમેદવારો હતા કે જેમને અન્ય પાર્ટીઓ અને અપક્ષો નડી ગયા છે. જો તેઓ ન હોત તો કોંગ્રેસની બેઠકોમાં વધારો થઈ શક્યો હોત. ૨૦૧૭માં પણ ભાજપની બી-ટીમ હોય તેમ શંકરસિંહ વાઘેલાની જનવિકલ્પ પાર્ટી, એનસીપી, બીએસપી અને એસપી ઉમેદવારો ઉભા રાખવાની છે.

હિમાચલ પ્રદેશમાં ચૂંટણી પૂર્ણ થઈ છે અને હવે રાષ્ટ્રીય નેતાઓનું ફોક્સ ગુજરાત પર આવીને અટક્યું છે. મોદીએ ગુજરાતને બચાવવા માટે તેમની કેબિનેટની મોટો ફોડ મેદાનમાં ઉતારી છે. મોદીએ સંગઠનના સિનિયર નેતાઓને પણ ચૂંટણી પ્રચારની જવાબદારી સોંપી છે. ગુજરાતની ચૂંટણી પર દેશ જ નહીં સમગ્ર દુનિયાની નજર છે. ભાજપ અને ખાસ કરીને પીએમ નરેન્દ્ર મોદી માટે આ ચૂંટણી શાખનો સવાલ છે, તો કોંગ્રેસ પણ ૨૨ વર્ષ પછી ગુજરાતની સત્તામાં પાછા આવવા માટે પોતાની પાસેના બધા શસ્ત્રો અજમાવી રહી છે.

પટેલ, દલિત, ઓબીસી અને આદિવાસી મતો મેળવવા માટે કોંગ્રેસ એડી ચોટીનું જોર લગાવી રહી છે કે જેથી આ જાતીય સમીકરણથી ભાજપને ગુજરાતની ચૂંટણીમાં ધ્વંશ કરી શકાય. કોંગ્રેસે આ વર્ષની શરૂઆતમાં ઉત્તર પ્રદેશની ચૂંટણીમાંથી બોધપાઠ લેતા એ નક્કી કર્યું હતું કે તે પૂરો પ્રયાસ કરશે કે ગુજરાતની ચૂંટણીને સાંપ્રદાયિક ધ્રુવીકરણની લાઈન પર કોઈ સંજોગોમાં જવા દેવામાં ન આવે. કોંગ્રેસ સારી રીતે જાણે છે કે, જો એવું થયું તો ભાજપ તેને તેને પછાડી દેશે. એ જ કારણ છે કે, કોંગ્રેસ અને રાહુલ ગાંધીએ ગુજરાત માટે ઘણા સપ્તાહથી ધાર્મિક સ્થળોની મુલાકાત લઈ 'સોફ્ટ હિંદુત્વ'ની લાઈન પકડી રાખી છે.

આ વખતે રાહુલ ગાંધીનું એક અલગ જ રૂપ જોવા મળ્યું છે. રાહુલ ગાંધી ગુજરાતમાં પ્રચાર માટે જેટલી પણ વખત આવ્યા, તમામ દેવી-દેવતાઓના મંદિરોમાં દર્શન કરતા જોવા મળ્યા, મહંતોના આશીર્વાદ લેતા દેખાયા અને નવરાત્રીમાં આરતી કરતા જોવા મળ્યા છે. રાહુલ ભરૂચમાં લઘુમતી વિસ્તારોમાં પણ ગયા તો તેમના કોઈ ધર્મસ્થળની મુલાકાત ન લીધી. કોંગ્રેસની કવાયત સ્પષ્ટ નજર આવે છે કે, ભાજપને ગુજરાતની ચૂંટણીમાં હિંદુ-મુસ્લિમ લાઈન પર લઈ જવાની કોઈ તક ન મળે. કોંગ્રેસે મુસ્લિમોથી અંતર રાખીને હિન્દુત્વનો સાથ લેતાં ભાજપના પેટમાં તેલ રેડાયું છે.

કોંગ્રેસ ગુજરાત માટે બે સ્તરનો પ્લાન લઈને ચાલી રહી છે. ઉપલા સ્તરે કોંગ્રેસની કમાન સંભાળી રહેલા રાહુલ ગાંધી 'સોફ્ટ હિંદુત્વ' પર ચાલતા અને એ જ દિશામાં પગલાં ભરતા જોવા મળે. રાહુલ એવું કરી પણ રહ્યા છે. તો અંદરખાને કોંગ્રસનો પ્રયાસ કટ્ટર હિંદુત્વની ભાવનાને તોડવા માટે કોઈ હોબાળો કર્યા વિના જાતિવાદના અસ્ત્રનો ઉપયોગ કરવાનો છે. એ જ કારણ છે કે, કોંગ્રેસ પાટીદાર, ઓબીસી, દલિત અને આદિવાસી નેતાઓને આગળ કરી આ જાતિઓના મતોને પોતાની તરફ કરવા ઈચ્છે છે.

કોંગ્રેસના વર્તમાન પ્રદેશ અધ્યક્ષ ભરત સોલંકીના પિતા માધવસિંહ સોલંકીએ ૧૯૮૫માં રાજ્યની વિધાનસભા ચૂંટણીમાં KHAM (ક્ષત્રિય,




હરિજન, આદિવાસી, મુસ્લિમ)નો દાવ ખેલ્યો હતો. ગુજરાતની આ ચૂંટણીમાં કોંગ્રેસને ૧૪૯ બેઠકો પર જીત મળી હતી. જોકે, આ જીત માટે ૧૯૮૪માં ઈન્દિરા ગાંધીની હત્યાથી કોંગ્રેસ માટે ઊભી થયેલી સહાનૂભૂતિની લહેરની હકીકતને પણ નજરઅંદાજ કરી શકાય તેમ નથી.

'ખામ'ના ૨૦૧૭ના નવા સ્વરૂપ તરીકે જ કોંગ્રેસ ગુજરાતમાં આ ચાર જ્ઞાતિઓ પર દાવ લગાવી રહી છે. કોંગ્રેસને લાગે છે કે, 'ખામ'માં મુસ્લિમ મહત્વનો ભાગ હતો તો 'આ વખતે પાટીદાર મહત્વની જ્ઞાતિ છે. પાટીદાર પરંપરાગત રીતે ભાજપના સમર્થક

### ૨૦૧૭ની ચૂંટણીમાં કોઇપણ સમાજના મત એકતરફી પડશે નહીં તે નક્કી

મનાય છે, એટલે કોંગ્રેસ તેમને પોતાની તરફ ખેંચવા પૂરો પ્રયાસ કરી રહી છે. જ્યાં સુધી મુસ્લિમોની વાત છે તો કોંગ્રેસ માનીને ચાલી રહી છે કે, મુસ્લિમ ભાજપની વિરુદ્ધ તેમને જ સાથ આપશે.

'પાટીદાર અનામત આંદોલનના નેતા હાર્દિક પટેલ, ઓબીસી નેતા અલ્પેશ ઠાકોર, દલિત નેતા જિગ્નેશ મેવાણી અને આદિવાસી નેતા છોટુ વસાવા કેટલી હદ સુધી પોતાના સમુદાયમાં રહેલી તેમની પકડને કોંગ્રેસ માટે વોટમાં ફેરવી શકે છે તે જોવાનું રહે છે. કોંગ્રેસનો હિન્દુત્વ ચહેરો પાર્ટીને ગુજરાતમાં જ નહીં દેશના અન્ય રાજ્યોમાં પણ મદદરૂપ થશે તેવું અનુમાન વ્યક્ત કરવામાં આવી રહ્યું છે.